

# શશશ! ચાડી ચુગલી નહીં!

આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2025

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons | **પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati – Shhh! No Gossip!)

# શશશ!
યાડી યુગલી નહીં!

# અનુક્રમણિકા


| | |
|---|---|
| 1. ચાડી ચુગલી | 1 |
| 2. ચાડી ચુગલી થતી હોય તેવી સામાન્ય પરિસ્થિતિઓ | 7 |
| 3. ચાડી ચુગલીના નકારાત્મક પરિણામો | 14 |
| 4. ચાડી ચુગલી વિરુદ્ધ ઈશ્વરનું ગંભીર વલણ | 19 |
| 5. ચાડી ચુગલીને તમે કેવી રીતે નિયંત્રિત કરો છો? | 22 |
| 6. પ્રાર્થના | 27 |

# 1
# ચાડી ચુગલી

બાઈબલમાં, ગીતશાસ્ત્ર 15—દાઉદના ગીતમાં—એવા વ્યક્તિ વિષે વર્ણન કરવામાં આવ્યું છે કે જે ઈશ્વરની સાથે સંગતી કરી શકે, તેની હજૂરમાં ઊભો રહી શકે અને તેની આરાધના કરી શકે.

**ગીતશાસ્ત્ર 15:1-5**

**1 હે યહોવા, તારા મંડપમાં કોણ નિવાસ કરશે? તમારા પવિત્ર પર્વતમાં કોણ વસશે?**

**2 જે સાધુશીલતા પાળે છે, અને ન્યાયથી વર્તે છે, અને જે પોતાના હ્રદયમાં સત્ય બોલે છે, તે.**

**3 જે પોતાની જીભે ચાડી કરતો નથી, તથા પોતાના મિત્રનું ભૂંડું કરતો નથી, અને પોતાના પડોશી પર તહોમત મૂકતો નથી.**

**4 જેની દ્રષ્ટિમાં નીચ માણસ ધિક્કારપાત્ર છે; પણ જે યહોવાના ભક્તોને માન આપે છે, અને જે પોતાના હિત વિરુદ્ધ સોગન ખાઈને ફરી જતો નથી;**

**5 જ પોતાના નાણાં વ્યાજે મૂકતો નથી, અને જે નિરપરાધી વિરુદ્ધ લાંચ ખાતો નથી. એવા કામ કરનાર કદી ડગશે નહીં.**

પ્રસ્તુત ગીતમાં, એવા વ્યક્તિના ઘણા બધા લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે, પણ આપણે 3જા વચન પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

**ગીતશાસ્ત્ર 15:3**

**જે પોતાની જીભે ચાડી કરતો નથી, તથા પોતાના મિત્રનું ભૂંડું કરતો નથી, અને પોતાના પાડોશી પર તહોમત મૂકતો નથી.**

ચાડી ચુગલી કરવી, પીઠ પાછળ બોલવું કે બીજા લોકો માટે ખરાબ બોલવું એ એવા પાપો પૈકી છે કે જેને આપણે સહજતાથી લઈએ છીએ, પરંતુ, વાસ્તવમાં તે આપણાં ઈશ્વર સાથેના સબંધોને અસર કરે છે. આ પ્રકારના પાપ આપણાં

ઈશ્વર સાથેના સંવાદ, ઈશ્વરની સ્તુતિ અને તેની સમક્ષતાના અનુભવને અવરોધે છે.

## ચાડી ચુગલી એટલે શું?

શબ્દકોષની વ્યાખ્યા મુજબ "ચાડી ચુગલી" એટલે અન્ય "લોકો સબંધીની બિનજરૂરી, અનિયંત્રિત વાતો કે અહેવાલ કે જે માત્ર કાલ્પનિક હોય અને જે અંગે સત્યની કોઈ પુષ્ટિ થયેલ ન હોય." (ઓક્સફર્ડ એડ્વાન્સ લર્નર્ન્સ ડિક્સનરી). ચાડી ચુગલી એ સામાન્ય રીતે નિષ્ક્રિય વાતચીત કે અફવા છે, વિશેષ કરીને અન્ય લોકોની ખાનગી કે વ્યક્તિગત બાબતો વિષે. લોકો વિષેની ખોટી માહિતી ફેલાવવા માટે છે.

આ પુસ્તકમાં, આપણે નીચે મુજબના શબ્દોનો એકબીજાના પર્યાય તરીકે ઉપયોગ કરીશું—ચાડી ચુગલી, પીઠ પાછળ બોલવું, નિંદા, પીઠ પાછળ ઘાત કરવો, બડબડાટ, વાહિયાત વાતો કરવી, જો કે આ દરેકના અર્થમાં નજીવો તફાવત છે. ધી કિંગ જેમ્સ વર્ઝન બાઇબલમાં ચાડી ચુગલી કરનાર, પીઠ પાછળ બોલનાર કે નિંદા કરનાર માટે "વાહિયાત વાતો કરનાર" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાદી સમજણ માટે આપણે આ પૈકી કેટલાકને ટૂંકમાં વ્યાખ્યાયિત કરીશું અને એકબીજાના પર્યાય તરીકે ઉપયોગ કરીશું.

- ***પીઠ પાછળ બોલવું*** એટલે એવી વ્યક્તિ વિષે વાત કરવી જે હાજર નથી, કોઈને પોતાના બચાવની તક આપ્યા વિના તેની પ્રતિષ્ઠાને નુકશાન પહોચાડવું. જે મુજબ શબ્દ પ્રયોગ થયો છે.

- ***પીઠ પાછળ ઘાત કરવો*** એટલે કોઈ મિત્રની સાથે મિત્રતાનો ઢોંગ રચી તેની સાથે વિશ્વાસઘાત કરી તેની ટીકા કરવી.

- ***નિંદા*** કરવી એટલે કોઇની વિરુદ્ધ ખોટી, નકારાત્મક, દૂષિત અને બદનામી કરે તેવી વાતો કરવી.

- ***વાહિયાત વાતો કરવી*** એટલે સક્ષમ સત્તાની સમક્ષ કોઇની

વિરુદ્ધ ખોટી માહિતી આપવી કે જેથી તે વ્યક્તિ મૂશ્કેલીમાં મુકાય અને પ્રશ્નનું નિરાકરણ ન થાય.

જૂના કરારના સમયમાં, ઈશ્વર પોતાના લોકોને સામુદાયિક જીવન અંગેની સૂચના આપતા કહે કે,

**નિર્ગમન 23:1**
**તું જૂઠી અફવા માની ન લે; દુષ્ટની સાથે સામેલ થઈને તું જૂઠી સાક્ષી ન પૂર.**

**લેવીય 19:16**
**ચાડિયા તરીકે પોતાના લોકો મધ્યે અહીંતહીં ન ફરવું; તેમ જ તારા પડોશીના રક્તની વિરુદ્ધ ઊભો ન રહે; હું યહોવા છું.**

કમનસીબે, ખૂબ ઓછા લોકો ચાડી ચૂગલી અને નિંદા કરવામાં આનંદ માણે છે અને તેમાં જ રચ્યા પચ્યા રહે છે. ચાડી ચૂગલી એ કેટલાક લોકો માટે જાણે કે “મનોહર ભોજન” સમાન હોય છે. તેઓ ચાડી ચુગલી કરવામાં અને બીજાઓની નિંદા કરવામાં આનંદ અનુભવે છે. ચાડી ચુગલીમાં કલાકો વિતાવ્યા પછી તેમને સંપૂર્ણ આનંદની અનુભૂતિ થાય છે. અફવા વ્યક્તિના હ્રદય સોંસરવી ઉતરી જાય છે. આપણે વિચારીએ છીએ કે આ હલકી ફૂલકી મજાક છે જેનાથી કશું થતું નથી. પણ આ પ્રકારની ચાડી ચુગલી લોકોને ખૂબ જ અસર કરે છે.

**નીતિવચનો 18:8 (નીતિવચનો 26:22 પ્રમાણે)**
**કાન ભંભેરનારના શબ્દો સ્વાદિષ્ટ કોળિયા જેવા છે, અને તે પેટના અભ્યંતરમાં ઉતરી જાય છે.**

## કઈ બાબત ચાડી ચુગલી ન ગણાય?

ઘણી બધી વખત આપણે બીજાઓ વિષે વાત કરવી પડતી હોય છે, જેમ કે તેમની ક્ષમતાઓ અને નબળાઈઓ વિષે અને તેમની નિષ્ફળતાઓના આંકલન માટે. અલબત્ત, જો નિર્દોષભાવે અને સારા હેતુસર આવી વાતો કરવામાં આવે તો તે ચાડી ચૂગલી નથી.

કેટલાક ઉદાહરણો જોઈએ.

## *કોઈને બદનામ કર્યા વિના સામાન્ય વાતચીત કે માહિતીની આપ-લે*

દાખલા તરીકે, કોઇની સાથેની મુલાકાત પછી તમે તમારા અનુભવો વિષે વાત કરો છો જેમ કે તમે તે વ્યક્તિ સાથે કેવો સમય પસાર કર્યો, મુલાકાત હકારાત્મક કે નકારાત્મક હતી કે બીજી સંલગ્ન માહિતી વિષે ચર્ચા કરો છો. આ સ્થિતિમાં, તમે કોઈને બદનામ કર્યા વિના તમે તમારા પ્રમાણિક મંતવ્યો રજૂ કરો છો.

## *ચોક્કસ અનુભવ વિષે વાત કરવી કે જે બીજાઓએ પણ કરી હોય કે કહી હોય*

અહી ફરીથી, તમે બની ગયેલ ઘટનાની વિગતો વિષે વાત કરો છો પણ તમારો ઇરાદો તેમાં સમાવિષ્ટ લોકોને નુકશાન કરવાનો નથી.

## *વ્યાવસાયિક રીતે કોઈ અનુભવની આકારણી કે કોઈ વ્યક્તિ કે સ્થિતિનું મૂલ્યાંકન*

કોઈ કાર્યસ્થળે આવું નિયમિત બને છે. દાખલા તરીકે, જ્યારે કોઈ ઉમેદવારના ઇન્ટરવ્યુ અંગે તમારો અહેવાલ આપવાનો હોય, કર્મચારીની કામગીરીનું મૂલ્યાંકન હોય, મૂશ્કેલ પરિસ્થિતિનું નિરાકરણ કરવાનું હોય, વિગેરે. આ સ્થિતિમાં, સાચી વાતને રજૂ કરવા માટે તમે પ્રમાણિકતાથી, ક્ષમતાઓ અને નબળાઈઓ, સારા અને ખરાબની ચર્ચા કરો છો.

## *કોઈ બાબતનું નિરાકરણ શોધવું*

એવી પરિસ્થિતી કે જ્યાં વિવાદ કે સમસ્યા છે, આપણે ઘણી બધી ઘટનાઓની સમીક્ષા કરીએ  છીએ કે જેના થકી સમસ્યા ઊભી થઈ છે જેથી કરીને કોઈ યોગ્ય નિષ્કર્ષ કે નિર્ણય પર પહોંચી શકાય અને આગામી પગલાં લેવાનો વિચાર કરી શકાય. અહીં બાઇબલ આપણને કહે છે કે તે અંગે શું કરવું—*"વળી જો તારો ભાઈ તારી વિરુદ્ધ અપરાધ કરે, તો જા, તેને એકાંતે લઈ જઈને*

*તેનો દોષ તેને કહે, જો તે તારું સાંભળે તો તેં તારા ભાઈને મેળવી લીધો છે. પણ જો તે ન સાંભળે, તો બીજા એક કે બે જણને તારી સાથે લે, એ માટે કે હરેક વાત બે અથવા ત્રણ સાક્ષીના મોંથી સાબિત થાય. અને જો તે તેઓનું ન માને, તો મંડળીને કહે, અને જો મંડળીનું પણ તે ન માને તો તેને વિદેશી તથા દાણીના જેવો ગણ"* (માથ્થી 18:15-17).

## *ખોટું કામ અથવા નૈતિક નિષ્ફળતાની બાબતનુ નિરાકરણ કરતાં હોઈએ ત્યારે*

આ પરિસ્થિતિમાં, જેટલા પણ લોકો સામેલ છે, તે બાધની સાથે વાત કરવી જોઈએ, જે ખોટું થયું છે તે અંગે વાત કરવી જોઈએ અને તેને સુધારી લઈને પુન:સ્થાપના માટે કાર્ય કરવું જોઈએ. જે ખોટું કામ થયું છે તેને સંતાડવા માટે પ્રયત્ન કરવો નહીં, પરંતુ આપણે ગલાતીઓને પત્ર 6:1 માં જણાવ્યા પ્રમાણે કામ કરવું જોઈએ, *"ભાઈઓ, જો કોઈ માણસ કંઈ અપરાધ કરતાં પકડાય, તો તમે, જે આત્મિક છો, તે તમે એવાને નમ્ર ભાવે પાછો ઠેકાણે લાવો; અને તું તારી પોતાની સંભાળ રાખ, રખેને તું પણ પ્રલોભનમાં પડે."* યાકુબનો પત્ર 5:16 માં સૂચવ્યા મુજબ, પાપ અને ખોટું કામ કબૂલ કરવું પડે અને તે અંગે પસ્તાવો કરવો પડે, *"તમે નીરોગી થાઓ માટે તમારાં પાપ એકબીજાની આગળ કાબુલ કરો, અને એકબીજાને માટે પ્રાર્થના કરો."*

## *ખોટા કામને ખુલ્લુ કરવું જેથી લોકો ગેરમાર્ગે ન દોરવાય*

ઘણી બધીવાર આપણે જાહેરમાં ખોટા કામને તથા ખોટું કામ કરનારને ખુલ્લા પાડવાના થાય છે. આપણે આવું કરતી વખતે આપણો ઉદ્દેશ્ય બીજાઓને ચેતવણી અને રક્ષણ આપવાનો હોય કે જેથી કરીને જે તે વ્યક્તિનું નુકશાન અને જોખમથી રક્ષણ થાય. ખોટું કામ કરનારા પ્રત્યે આપણાં હૃદયો દયા અને કરુણાથી ભરપૂર રાખીને, બીજાઓના ભલા માટે આપણે તેમના ખોટા કામને ખુલ્લા પાડવાના છે. *"વળી અંધારાનાં નિષ્ફળ કામોના સોબતીઓ ન થાઓ, પણ ઊલટું તેઓને વખોડો"* (એફેસીઓને પત્ર 5:11). *"પાપ કરનારાઓને સર્વની સમક્ષ ઠપકો આપ,*

*જેથી બીજાઓને પણ ડર રહે"* (તિમોથીને પહેલો પત્ર 5:20).

ઉપરની બધી જ પરિસ્થિતિઓમાં, ધ્યાન આકર્ષે છે તે *"પ્રેમથી સત્ય બોલો"* (એફેસીઓને પત્ર 4:15).

## પ્રતિભાવ

1) જો હું મારી વાતચીતનું બારીકાઈથી નિરીક્ષણ કરું તો, હું કેટલીવાર ચાડી ચૂગલી કરૂ છું અને બીજાઓ માટે ખોટું બોલું છું?

□ ઘણી બધીવાર □ ઘણીવાર □ ક્યારેક □ ભાગ્યે જ

2) બીજાઓની નિંદા સાંભળવાનું મને કેટલીવાર ગમે છે અને નિંદા થતી અટકાવવા માટે હું પ્રયત્ન કરતો નથી કે કે ત્યાથી દૂર હઠી જતો નથી?

□ ઘણી બધીવાર □ ઘણીવાર □ ક્યારેક □ ભાગ્યે જ

# 2
# ચાડી ચુગલી થતી હોય તેવી સામાન્ય પરિસ્થિતિઓ

એવી કેટલીક સામાન્ય પરિસ્થિતિઓ વિષે જોઈએ જ્યાં ચાડી ચુગલી થતી હોય.

## સામુદાયિક ચાડી ચુગલી

સામાન્ય રીતે લોક સમુદાય એક યા બીજા કારણોસર એકબીજા સાથે જોડાયેલા હોય છે, અને વાતચીત કરતાં કરતાં "સમાચારો" ખૂબ ઝડપથી પ્રસરે છે. રહેણાંક, સામાજિક અને ઘણા બધા લોક સમુદાયો છે, સ્થાનિક મંડળી પણ એક સમુદાય છે કે જ્યાં લોકો સંગત અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસને કારણે એકબીજા સાથે જોડાયેલા છે.

કોઈપણ સમુદાયમાં, એકબીજા વિષે માહિતીની આપ-લે અને વાતચીત થતી જ હોય છે. આ મહત્વનુ છે અને તેના ફાયદાઓ પણ છે.

દાખલા તરીકે, સ્થાનિક મંડળીના લોકસમુદાય અંગે બાઇબલ આપણને કહે છે,

**રોમનોને પત્ર 12:15**
**આનંદ કરનારાઓની સાથે આનંદ કરો, રડનારાઓની સાથે રડો.**

**કરિંથીઓને પહેલો પત્ર 12:26**
**જો એક અવયવ દુ:ખી થાય, તો તેની સાથે સર્વ અવયવો દુ:ખી થાય છે; તેમ જ જો [એક] અવયવને માન મળે, તો તેની સાથે સર્વ અવયવો આનંદ પામે છે.**

જો આ શક્ય બનતું હોય, તો તેનો અર્થ એ છે કે આપણે

જાણવાની જરૂર છે કે આપણાં સમુદાયના લોકો મધ્યે, સારૂ અને નરશું, શું બની રહ્યું છે. જેથી આપણે એકબીજાની સાથે આનંદ કરીએ, રડીએ, સહન કરીએ, માન આપીએ અને એમ આ બધી બાબતોમાં આગળ વધતાં રહીએ. આપણે જીવન સાથે ગુજારીએ. અલબત્ત, આ સહજીવન સન્માનની ભાવના સાથે જીવવું જોઈએ અને નહીં કે ખોટી વાતો, ચાડી ચુગલી, પીઠ પાછળ બોલવું, વિશ્વાસઘાત, વગેરે સાથે.

રસપ્રદ રીતે, આપણે જોઈએ છીએ કે નવા કરારના ઘણા પત્રોમાં સ્થાનિક મંડળી અને વિશ્વાસી સમુદાયો માટે ખોટી વાતો અને નિંદા સબંધી ઘણું બધુ લખવામાં આવ્યું છે.

કરિંથીઓની મંડળીને, જાતિય અનૈતિકતા વિષે લખતા, પાઉલ પ્રેરિત, પસ્તાવો કરવાનું કહે છે, જ્યારે પાઉલ પ્રેરિત તેમની મુલાકાત કરવાનું કહે છે અને જુએ છે કે લોકો, “નિંદા, બડબડાટ” વગેરેમાં વ્યસ્ત છે ત્યારે તે ખૂબ ચિંતા અનુભવે છે.

**કરિંથીઓને બીજો પત્ર 12:20**
**કેમ કે મને ભય લાગે છે, રખેને હું આવું ત્યારે, જેવા તમને જોવાની હું ઇચ્છા રાખું છું, તેવા તમને ન જોઉં, અને તમે જેવો મને જોવાની ઇચ્છા રાખો છો તેવો મને ન જુઓ; રખેને ટંટા, અદેખાઈ, અંટસ, તડ, ચાડીચૂગલી, કાનફૂસિયા, ગર્વ તથા ધાંધલ થાય.**

જે રીતે પાઉલ તિમોથીને, કે જે એફેસીની મંડળીની સંભાળ રાખતો હતો, તેને લખે છે, તે જુવાન વિધવાઓ સબંધી લખે છે અને આ સામાન્ય રીતે બધાને લાગુ પડે છે, કે જ્યારે તેઓ નવરી પડે છે ત્યારે, અન્ય લોકો વિષે ખોટી અને બિનજરૂરી વાતો કરવા માંડે છે, તેઓના ધંધામાં દખલ કરે છે અને જે તેઓને લાગતું વળગતું નથી તે સબંધી વાતો કરે છે.

**તિમોથીને પહેલો પત્ર 5:13**
**વળી તે ઉપરાંત, ઘેરઘેર ભટકીને તેઓ આળસુ થતાં શીખે છે; અને કેવળ આળસુ જ નહીં, પણ જે બોલવું ઘટારત નથી તે બોલે છે, અને કૂથલી કરે છે, અને બીજાઓના કામમાં માથાં મારે છે.**

આ જ રીતે થેસ્સાલોનિકીની મંડળીને લખતા, પાઉલ એવા લોકોને, કે જેઓ બીજાઓના કામમાં માથાં મરવામાં વ્યસ્ત છે, તેમને ઠપકો આપે છે. આ પૈકી, ઘણા, બીજાઓ વિષે ખોટી વાતો કરવામાં સમય પસાર કરે છે. આવા લોકોને પાઉલ કામે લાગી જવા આદેશ કરે છે.

**થેસ્સલોનિકીઓને બીજો પત્ર 3:11,12**

**11 કેમ કે તમારામાંના કેટલાક સ્વચ્છંદીપણે ચાલે છે, તેઓ કંઈ ઉદ્યોગ કરતા નથી, પણ ઘાલમેલ કરે છે, એવું અમારા સાંભળવામાં આવે છે.**

**12 હવે એવા માણસોને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે અમે આજ્ઞા કરીએ છીએ તથા સલાહ આપીએ છીએ કે, તેઓ શાંતિથી ઉદ્યોગ કરીને પોતાનું કમાયેલું ખાય.**

સ્થાનિક મંડળીના લોકો મધ્યે, ચાડી ચુગલી આત્મિક રીતે થતી હોય તેમ માનવામાં આવે છે. બંને, મંડળીના સભ્યો અને આગેવાનો (જેમ કે પાળકો), ચાડી ચુગલી અને અફવા ફેલાવવામાં વ્યસ્ત રહે છે.

અહીં કેટલાક સામાન્ય કિસ્સા આપવામાં આવ્યા છે જે દર્શાવે છે કે મંડળીમાં કેવી રીતે ખોટી વાતો પ્રસરે છે.

## *પ્રાર્થના વિનંતી*

સામાન્ય રીતે આત્મિક વિધાન સાથે વાતચીતનો દોર શરૂ થાય છે જેમ કે—"અરે, ખરેખર આપણે આ બાબત વિષે પ્રાર્થના કરવી જોઈએ". અને ત્યાર પછીની વાતચીત જે તે વ્યક્તિની ખોટી બાબતો અને નિંદા કરવામાં થાય છે, અંતે કહેવામા આવે છે કે "આ પ્રાર્થનામાં યાદ રાખશો". ખરેખર ગપસપ શું છે તે આવરી લેવા માટે આપણે આ પ્રાર્થના વિનંતિનો ઉપયોગ કરીએ છીએ. આ બંધ કરી દેવું જોઈએ. આપણે આવું ન કરવાનું પસંદ કરીએ.

## *પાળકીય સલાહ અને માર્ગદર્શન*

લોકો આપણી, પાળકો અને આત્મિક આગેવાનો, પાસે આત્મિક

મદદ માટે આવે છે. એમ કરતાં, ઘણીવાર તેઓ તેમની અંગત મૂંઝવણો, નિષ્ફળતાઓ અને બીજી અન્ય અંગત બાબતો કે જે બીજાઓને કહી ન શકાય, તે આપણને કહે છે. તેઓ આપણી પર ભરોસો અને વિશ્વાસ રાખીને તે વાતો આપણને જણાવે છે. અલબત, ઘણાં પાળકો અને આત્મિક આગેવાનો, કોઇની વ્યક્તિગત કે અંગત વાતોને અન્ય કોઈ વ્યક્તિ સાથેની સાધારણ વાતચીતમા ખુલ્લી કરી દેવાની ભૂલ કરી બેસે છે. આ બાબત ચાડી ચુગલી કરવા સમાન છે ભલે પછી કોઈ આત્મિક આગેવાન દ્વારા કેમ કરવામાં ન આવી હોય! આ બંધ થવું જ જોઈએ! જે ખાનગીમાં કહેવામા આવ્યું છે તે ખાનગી જ રહેવું જોઈએ.

## *પ્રભાવી વ્યક્તિનું અનુકરણ કરનારનું સંગઠન*

કેટલાક લોકોને પ્રભાવી વ્યક્તિઓનું અનુકરણ કરવાનું બહુ ગમે છે, દાખલા તરીકે કોઈ વરિષ્ઠ પાળક કે આગેવાન, તેઓ એવા પ્રભાવી લોકો સાથે ખૂબ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે તેવું બીજા લોકોને બતાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ એવા પ્રભાવી વ્યક્તિઓની કેટલીક અંગત અને ખાનગી માહિતી ખુલ્લી પાડીને એ પ્રભાવી વ્યક્તિઓની સફળતાને આધારે આગળ વધવા માંગે છે. અલબત્ત, બીજાઓ પ્રભાવિત થાય છે અને વિચારે છે કે આ વ્યક્તિ પેલા વરિષ્ઠ પાળક કે આગેવાનની આટલી બધી ખાનગી બાબત જાણે છે તો ખરેખર તે વરિષ્ઠ પાળક કે આગેવાન સાથે ખૂબ અંગત સબંધ ધરાવતો હશે. ગપ્પાબાજી સિવાય આ બીજું કાંઇ નથી. જો સાચે જ તમે કોઈ વરિષ્ઠ પાળક કે આગેવાનના સાચા મિત્ર છો અને તેમની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છો, તો તમારે આવું કાઇપણ કરવાની જરૂર નથી. તેમની પ્રતિષ્ઠાને તમારે નામે કરી લેવાની જરૂર નથી. કોઇની પણ અંગત કે ખાનગી માહિતી જાહેર કરતાં પહેલા ખૂબ જ વિચાર કરવાની અને કાળજી લેવાની જરૂર છે.

## *સમસ્યાને ઉકેલ્યા વિના દોષારોપણ કરવું*

લોકો ભૂલો કરે છે. અને તેથી, કોઈએ કોઈ જગ્યાએ ભૂલ કરી

હોય, કોઈક ખોટું કામ કર્યું હોય કે કોઈ બાબતને અયોગ્ય રીતે કરી હોવાને કારણે સમુદાયમાં વિવાદ ઊભો થાય છે. ઘણીવાર એવું બને છે કે આરોપ મૂકનાર ચારેકોર ફરીને જે ખોટું થયું છે તેની વાતો કરે છે, તેથી જેણે ભૂલ કરી છે તે વ્યક્તિ વિરુદ્ધ પરોક્ષ રીતે તેને બદનામ કરવાની “ધૂમીલ ઝૂંબેશ” બની જાય છે. બીજા વધુ લોકો આ ખોટી વાતનો પ્રસાર કરવામાં વ્યસ્ત બનતા આખરે સમગ્ર બાબત નિંદાસમાન બની જાય છે. સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવાને બદલે, બધુ ભેગું થઈને સમુદાયમાં ભાગલા અને તકરાર વધારે છે. બીજી તરફ, આ પરિસ્થિતિમાં શું કરવું તે અંગે બાઇબલ આપણને શીખવે છે.

**માથ્થી 18:15-17**

**15 વળી જો તારો ભાઈ તારી વિરુદ્ધ અપરાધ કરે, તો જા, તેને એકાંતે લઈ જઈને તેનો દોષ તેને કહે; જો તે તારૂ સાંભળે, તો તેં તારા ભાઈને મેળવી લીધો છે.**

**16 પણ જો તે ન સાંભળે, તો બીજા એક બે જણને તારી સાથે લે, એ માટે કે દરેક વાત બે અથવા ત્રણ સાક્ષીના મોંથી સાબિત થાય.**

**17 અને જો તે તેઓનું ન માને, તો મંડળીને કહે, ને જો મંડળીનું પણ તે માને ન તો તેને વિદેશી તથા દાણીના જેવો ગણ.**

સમસ્યાનો ઉકેલ લાવ્યા વિના લોકોની ભૂલોને જાહેરમાં દર્શાવવાને બદલે, આપણે બાઇબલ આધારિત કાર્ય કરી માફી મળે, ભૂલ સુધારણા થાય અને સાજાપણું મળે તેવું કાર્ય કરવાનું છે.

સ્થાનિક મંડળીના લોકોના પરિપેક્ષ્યમાં લખાયેલી ઘણીબધી બાબતો અન્ય લોક સમુદાયોને પણ એટલી જ લાગુ પડે છે.

સમુદાય જે ચાડી ચુગલી કરવામાં વ્યસ્ત છે તે પોતાના વિનાશને નોતરે છે.

**ગલાતીઓને પત્ર 5:15**

**પણ જો તમે એકબીજાને કરડો તથા ફાડી ખાઓ, તો સાવધ રહો, રખેને કદાચ તમે એકબીજાથી નાશ પામો!**

## કાર્ય સ્થળે થતી ચાડી ચુગલી

આપણામાંના ઘણા બધા મોટાભાગનો સમય કાર્ય સ્થળે વિતાવીએ છીએ. સપ્તાહના પાંચથી છ દિવસો આપણે કામ પર હોઈએ છીએ, પોણાભાગનો સમય કામના સ્થળે ગાળીએ છીએ. કમનસીબે, ઘણા લોકો કાર્ય સ્થળે ગપ્પાબાજી, ચાડીચૂગલી, નિંદા, પીઠ પાછળ વાત કરવી, અફવા ફેલાવવી વગેરે બાબતોમાં પસાર કરે છે. તેઓ આ બધી બાબતો તેમના માલિક, સહકર્મચારી કે સાથીદાર વિષે કરતાં હોય છે. તેમના જ સાથી લોકો સાથે અન્ય સાથીએ કઇ કર્યું છે તે વિષે તેઓ નિંદા કરી તેઓની પ્રતિષ્ઠાને નુકશાન કરે છે.

કાર્ય સ્થળે થતી આ પ્રકારની હરકતો બિન આરોગ્યપ્રદ વાતાવરણમાં પરિણમે છે. તે લોકોને ભાવનાત્મક રીતે અસર કરે છે તેથી વ્યક્તિગત કે સમૂહની કાર્ય અસરકારકતાને અવરોધે છે. આખરે, કાર્ય સ્થળનું વાતાવરણ ધૃણાસ્પદ બની જાય છે, એવા લોકો, કે જે સારા છે, કાર્ય સ્થળ છોડીને અન્યત્ર ચાલ્યા જાય છે. તેઓ એટલા માટે નથી છોડતા કારણ કે વેતન ઓછું છે, કે કામમાં મઝા નથી આવતી, પણ ઘણીવાર, ખૂબ થોડા લોકોની ચાડી ચુગલી કરવાની અને ખોટી અફવા ફેલાવવાની હરકતોને કારણે કાર્ય સ્થળનું વાતાવરણ ધૃણાસ્પદ બની ગયું હોય છે માટે છોડી જાય છે. સારા લોકો જે ખરેખર કામ પ્રત્યે પોતાની નિષ્ઠા રાખે છે તેમને ગપ્પાબાજી, ચાડીચૂગલી વગેરેની સામે લડવામાં પોતાનો સમય અને શક્તિ બગાડવાનું પસંદ નથી. તેઓની પાસે બીજું ઘણું બધુ સારૂ કરવાની ઘેલછા હોય છે!

## સોશિયલ મીડિયા પર થતી ચાડી ચુગલી

ખોટી વાતો ખૂબ ઝડપથી ફેલાવવા કે ચાડી ચુગલી કરવામાં સોશિયલ મીડિયાએ મહત્વનો ફાળો ભજવ્યો છે. ગણતરીની ક્ષણોમાં, એક બટનને સ્પર્શ કરતાં જ, નુકશાનકારક નિંદા કે અફવા ઓનલાઈન પ્રસરી જાય છે. ઓનલાઈન મૂકવામાં આવેલ એક નાનો લેખ કોઇની પ્રતિષ્ઠાને ક્ષણવારમા તહસનહસ કરી નાખે છે.

# પ્રતિભાવ

1) શું તમે સામુદાયિક, કાર્ય સ્થળના કે સોશિયલ મીડિયા દ્વારા થતી નિંદાના શિકાર બન્યા છો?

- તેનાથી તમને કેવી રીતે અસર થઈ છે?
- તમે તેનો કેવી રીતે સામનો કર્યો?
- શું તમે તેનો કોઈ અન્ય રીતે સામનો કરી શક્યા હોત?

# 3
# ચાડી ચુગલીના નકારાત્મક પરિણામો

બીજા હિંસાત્મક ગૂનાઓની જેમ, ચાડી ચુગલી કરવી એ એટલું બધુ ગૂનાહિત કૃત્ય લાગતું નથી, આપણામાનાં ઘણા ચાડી ચુગલી કરવાથી આપણને અને બીજાઓને થતી ગંભીર અસરોને ઓળખી શકતા નથી. અગાઉ આપણે ચાડી ચુગલીના થોડા નકારાત્મક પરિણામો વિષે વાત કરી છે, પણ થોડી અન્ય નકારાત્મક અસરો અંગે આ પ્રકરણમાં ચર્ચા કરીએ.

## ચાડી ચુગલી કરવી એ અનુત્પાદક અને સમયની બરબાદી છે

ક્યારેક ચાડી ચુગલી કરવામાં અને ગપ્પાં મારવામાં લોકો કલાકો કાઢી નાંખે છે. તેથી જ તેને “નિષ્ક્રિય વાત” કહેવામા આવે છે. તે સંપૂર્ણપણે અનુત્પાદક છે. નિંદા અને ગપ્પાબાજી સમયનો બગાડ તો છે જ પણ જે આ કામ કરે છે તે ક્યારેક ઘણી બધી ભાવનાત્મક શક્તિ ખર્ચી નાંખે છે અને અંતે હતાશા અનુભવે છે.

કેટલીકવાર લોકો, ખાસ કરીને મૂશ્કેલ સમયમાથી પસાર થતાં હોય ત્યારે કોઇની લાગણીઓને વ્યક્ત કરવા માટે રોગનિવારક ઉપાય તરીકે નિંદામાં વ્યસ્ત બને છે. હૃદયનો "ઊભરો ઠાલવવો" એ અગત્યનું છે તે આપણે સ્વીકારીએ છીએ, પણ આમ બોલવું તે કોઈ યોગ્ય વ્યક્તિ સાથે અને તંદુરસ્ત રીતે, કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચડ્યાં વગર અને સમસ્યાના સમાધાન તરફના નિખાલસ પ્રયત્ન માટે થતું હોવું જોઈએ.

## ચાડી ચુગલી દ્વારા વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે અને ચરિત્રહનન થતું હોવાથી વિશ્વાસનું સ્તર ઘટી જાય છે

જે વ્યક્તિની નિંદા થાય છે તેને પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળતી નથી, સામે તેના "ચરિત્રનું હનન" થાય છે અને તેની

પ્રતિષ્ઠાને નુકશાન થાય છે. લોકો ખોટી માહિતી સાંભળતાની ક્ષણવારમાં, વ્યક્તિના ચરિત્ર વિષે નિષ્કર્ષ પર આવી જાય છે, તે વ્યક્તિનો ખોટી રીતે ન્યાય કરે છે અને તેની પરનો વિશ્વાસ ગુમાવી બેસે છે. નિંદા દ્વારા પ્રસારિત ખોટી માહિતીને કારણે, તરત જ વ્યક્તિની ખોટી ઇમેજ બાંધી લે છે કે વ્યક્તિ આવો કે તેવો છે.

**નીતિવચનો 11:13**
**સ્થળે સ્થળે ફરીને ચાડી કરનાર માણસ છાની વાતોને ઉઘાડી કરે છે; પણ વિશ્વાસુ મનનો માણસ એવી વાત છાની રાખે છે.**

જો તમે વફાદાર મિત્ર છો, તો તમે તમારા મિત્રની પડખે ઊભા રહેશો અને તેની નિષ્ફળતાઓને છાની રાખીને તેને નુકશાનથી બચાવી લેશો.

ક્યારેક, કોઈને પ્રથમ વખત જ મળતા હોઈએ, અને તેમણે અગાઉથી જ તમારા વિષે સાંભળ્યુ હોય, અને કમનસીબે, તે પણ નકારાત્મક જ સંભાળ્યું હોય. તમે કોઈ સ્થળે પહોંચો તે પહેલા જાણે કે નિંદા ત્યાં પહોંચી ગઈ હોય અને બદનામી તથા નુકશાન કરી ચૂકી હોય. તેથી તમારે ભાગે એક મોટું કામ કરવાનું આવે છે તે એ કે તમે ખરેખર કોણ અને કેવા છો તે સામેની વ્યક્તિ નવેસરથી આંકલન કરી શકે તે રીતે તેને સમજાવવું. ક્યારેક આવું કરવું પડશે તે વિચારમાત્રથી વ્યક્તિ નાસીપાસ થઈ જાય છે.

## ચાડી ચુગલી લોકોને ભાવનાત્મક રીતે અસર કરે છે

ચાડી ચુગલીથી પ્રસરતી ખોટી માહિતી દાવાનળ સમાન છે, જે ભાવનાઓને સીધી અસર કરે છે તથા અન્યો માટે ચિંતા તથા નિરાશાનું કારણ બને છે.

**નીતિવચનો 25:18**
**પોતાના પડોશી વિરુદ્ધ જૂઠી સાક્ષી પૂરનાર માણસ હથોડા, તરવાર તથા તીક્ષ્ણ તીર જેવો છે.**

દાખલા તરીકે, કાર્ય સ્થળે, સાચું શું છે અને ખોટું શું છે તેની સ્પષ્ટતા વિના અફવા ફેલાવવાથી કર્મચારી હતાશ થઈ જાય છે. બિનઆરોગ્યપ્રદ કાર્ય વાતાવરણ ઊભું થતાં સારા કર્મચારીઓ કામ છોડવાનું વિચારે છે.

એ જ રીતે, મંડળીમાં જ્યારે વિશ્વાસીઓ ગપ્પાબાજી, ચાડીચૂગલી, નિંદા, પીઠ પાછળ વાત કરવી, અફવા ફેલાવવી વગેરે બાબતોમાં રોકાય છે, ત્યારે લોકોને મંડળીમાં ભાગ લેવાનું ગમતું નથી અને તેઓ ભાગ લેવાનું પડતું મૂકે છે કે મંડળી છોડીને ચાલ્યા જવાનું વિચારે છે.

રૂબરૂમાં કે ઓનલાઈન કોઈની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડીને શર્મિંદી કરવાથી તેની વ્યક્તિગત પ્રતિષ્ઠાને લગભગ તરત જ નુકશાન થાય છે. ગપ્પાબાજી અને નિંદાના બેફામ કાર્યને લીધે વ્યક્તિ તેની પ્રતિષ્ઠા અને આત્મગૌરવ ગુમાવે છે, અને પુષ્કળ માનસિક આઘાતનો અનુભવ કરે છે.

કિશોર વયના બાળકો મધ્યે પણ નિંદાને કારણે થતી માનસિક અસરોને ધ્યાનમાં રાખવી જોઈએ. વર્તમાન સમયમાં, સોશિયલ મીડિયા અને ઑનલાઇન માધ્યમથી મિત્રો અને સહાધ્યાયીઓ દ્વારા નિંદા અને “ચાડી ચુગલી” થતી હોવાથી કેટલાક કિશોર વયના બાળકો આત્મહત્યા પણ કરે છે. આનાથી “સાયબર ધમકી” નામનો નવો શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે જેમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કોઈને પણ હેરાન કરવામાં આવે છે, ધમકી આપવામાં આવે છે, કે મૂંઝવણભરી સ્થિતિમાં મૂકવામાં આવે છે જે ગંભીર બાબત છે. [કિશોર વયના બાળકોના વાલીઓ માટે ઉપયોગી માહિતી માટેની વેબ સાઇટ— http://cyberbullying.us/].

## ચાડી ચુગલી સબંધોનો નાશ કરે છે

નિંદા, ગપ્પાબાજી કે અન્યો વિષે ખોટી માહિતી ફેલાવવી, કયારેક ઘણીવાર સબંધોને નુકશાન કરવામાં પરિણમે છે. જ્યારે

લોકોએ જે જૂઠું સાંભળ્યુ છે તે માની લે છે ત્યારે તેઓને નુકશાન થાય છે. ગુસ્સો અને દુષ્ટ ઇચ્છાશક્તિની લાગણીઓ ઘર કરે છે અને સારા સબંધો નષ્ટ થાય છે.

બાઇબલ શું કહે છે તે જોઈએ.

**નીતિવચનો 16:28**
**આડો માણસ ઝઘડો ફેલાવે છે; અને કાન ભંભેરનારો ઇષ્ટ મિત્રોમાં અંતર પાડી દે છે.**

**નીતિવચનો 25:23 (ન્યુ લિવિંગ ભાષાંતર)**
**ઉત્તરનો પવન વરસાદ લાવે છે; તેમજ ચાડીખોર જીભ ક્રોધી ચહેરો [ઉપજાવે છે].**

**નીતિવચનો 26:20**
**બળતણ ન હોવાથી અગ્નિ હોલવાઈ જાય છે; અને કાન ભંભેરનાર ન હોય ત્યાં કજિયા સમી જાય છે.**

ચાડી ચુગલીનું નાનું બીજ અવિશ્વાસ અને તકરાર ઉગાવે છે જે ઉત્તમ મિત્રોને છૂટા પાડે છે. સબંધો નષ્ટ થાય છે. નિંદા ખોટી ભાવનાઓ અને દુષ્ટ ઇચ્છાશક્તિને ઈંધણ પૂરું પાડે છે. લોકોમાં ભાગલા પડે છે કારણ કે કોઈ એકનો પક્ષ લેવા દબાણ થતું હોય છે. આ પ્રકારની બાબતો કોઈ કાર્ય સ્થળે કે કોઈ પણ સમુદાયમાં બની શકે છે. શાંતિ અને ભાઈચારો બનાવી રાખવા માટે આપણે સુનિશ્ચિત કરવાનું છે ચાડી ચુગલી બંધ થાય.

## પ્રતિભાવ

1) નિંદાની બીજા કયા કયા પ્રકારની નકારાત્મક અસરો હોય શકે જે તમે વિચારી શકો છો?

2) એવી કોઈ સાચી ઘટનાઓ તમે નિહાળી છે કે જ્યાં નિંદાને કારણે લોકો ભાવનાત્મક રીતે અસરગ્રસ્ત થયા હોય? અંતે તેનું પરિણામ શું હતું?

3) એવી કોઈ સાચી ઘટનાઓ તમે નિહાળી છે કે જ્યાં નિંદાને કારણે સંબધો પડીભાંગ્યા હોય? અંતે તેનું પરિણામ શું હતું? લોકો વચ્ચે સમાધાન થયું? અને નિંદાના તે પ્રકરણનો અંત લાવી શક્યા? જો હા, તો કેવી રીતે તે થઈ શક્યું?

# 4
# ચાડી ચુગલી વિરુદ્ધ ઈશ્વરનું ગંભીર વલણ

અગાઉ આપણે ઈશ્વરના વચનોમાં ચાડી ચુગલી, નિંદા, પીઠ પાછળ વાત કરવી, અફવા ફેલાવવી વગેરે સંદર્ભે જે જોયું તેમાં વધારો કરતાં, બાઈબલમાં ઉપરની આ બધી બાબતો વિષે જે ગંભીર ઠપકારૂપે વચનો આપવામાં આવ્યા છે તે પણ જોવું જોઈએ.

ઈશ્વર તેમના લોકોને દસ આજ્ઞાંઓ પૈકી જે એક આપે છે,

**નિર્ગમન 20:16**
**તું તારા પડોશી વિરુદ્ધ જૂઠી સાક્ષી ન પૂર.**

આનો મતલબ એ થાય કે તમારા પડોશીની વિરુદ્ધ જૂઠું બોલવું નહીં, પડોશી વિષે ખોટી કે અયોગ્ય માહિતી ફેલાવવી નહીં.

ઈશ્વર પોતાના લોકોને ઠપકો આપે છે અને ચેતવણી આપતા કહે છે કે તે સુધારા માટે દખલ દેશે અને બધુ ઠીક કરશે.

**ગીતશાસ્ત્ર 50:19-21**
**19 તું ભૂંડાઈને તારું મોઢું સોંપે છે, અને તારી જીભ કપટ રચે છે.**
**20 તું બેસીને તારા ભાઈની વિરુદ્ધ બોલે છે; તું તારી પોતાની માના દીકરાની બદનક્ષી કરે છે.**
**21 આવાં કામ તેં કર્યાં છે, અને હું ચૂપ રહ્યો; તેથી તેં ધાર્યું છે કે હું છેક તારા જેવો છું, [પણ] હું તને ઠપકો આપીશ, અને હું [તારા કામ] તારી આંખો આગળ અનુક્રમે ગોઠવીશ.**

જૂઠી સાક્ષી પુરવી, અન્ય લોકો વિષે જૂઠું બોલવું અને ભાઈઓમાં કુસંપની વાવણી કરવા જેવી બાબતો ઈશ્વરને પસંદ નથી.

**નીતિવચનો 6:16-19**

**16 છ વાનાં યહોવા ધિક્કારે છે; હા, સાત વાનાં પ્રભુને કંટાળો ઉપજાવે છે:**

**17 એટલે ગર્વિષ્ઠ આંખો, જૂઠાબોલી જીભ, નિર્દોષ લોહી વહેવડાવનાર હાથ;**

**18 દુષ્ટ તરંગો રચનાર હૃદય, નુકશાન કરવાને દોડી જનાર જલદ પગ;**

**19 અસત્ય ઉચ્ચારનાર જૂઠો સાક્ષી, અને ભાઈઓમાં કુસંપનું બીજ વાવનાર.**

જેમ આપણે અગાઉ જોયું તેમ, આપણે નિંદા અને ચાડી ચુગલી દ્વારા ભાઈઓમાં કુસંપ અને ભાગલા કરાવીએ છીએ. આ એવી બાબત છે કે જેને ઈશ્વર ધિક્કારે છે.

ચાડી ચુગલી કરનારને મૂર્ખ કહેવામા આવ્યો છે. તેથી નિંદા કરવી એ પણ એવી જ મૂર્ખ બાબત છે.

**નીતિવચનો 10:18**

**જે દ્વેષ છુપાવે છે તે જૂઠા હોઠવાળો છે; અને ચાડી કરનાર મૂર્ખ છે.**

રોમનોને પત્ર 1:28-32માં ચાડી ચુગલી અને પીઠ પાછળ વાત કરવાને મરણ અને અનૈતિકતાની યાદીમાં જ ગણાવાયા છે.

**રોમાનોને પત્ર 1:28-32**

**28 ઈશ્વરનું જ્ઞાન [મનમાં] રાખવાનું તેઓને ગમ્યું નહીં, માટે જે ઉચિત નથી, એવાં કામ કરવાને માટે ઈશ્વરે તેઓને ભ્રષ્ટ બુદ્ધિને [સ્વાધીન] કર્યા,**

**29 તેઓ તો સર્વ પ્રકારના અધર્મીપણાથી, દૂરાચારથી, લોભથી, [તથા] અંટસથી ભરપૂર હતા; [અને વળી] ઈર્ષાથી, હત્યાથી, કલહથી, કપટથી, તથા દ્વેષભાવથી ભરપૂર હતા; [વળી] ચૂગલીખોર,**

**30 નિંદાખોર, ઈશ્વરદ્વેષી, ઉદ્ધત, અભિમાની, બડાશ મારનારા, પ્રપંચી, માતપિતાની અવગણના કરનારા,**

**31 બુદ્ધિહીન, વિશ્વાસઘાતી, કુદરતી મમતાહીન, [તથા] નિર્દયી હતા:**

**32 આવાં કામ કરનારાઓ મરણને યોગ્ય છે, એવો ઈશ્વરનો નિયમ જાણ્યા**

**છતાં તેઓ પોતે એ કામો કરે છે એટલું જ નહીં, પણ એવાં કામ કરનારાઓને ઉત્તેજન આપે છે.**

*"આવા કામ કરનારાઓ મરણને યોગ્ય છે"* (રોમાનોને પત્ર 1:32) ની ચેતવણીમાં ચાડી ચુગલી કરનારા અને પીઠ પાછળ વાત કરનારાઓનો સમાવેશ થાય છે. ચાડી ચુગલી વિરુદ્ધ ઈશ્વરનું આવું ગંભીર અને ભયાનક વલણ છે. સ્પષ્ટ રીતે કહીએ તો ચાડી ચુગલી એ પાપ છે. ઈશ્વરની સમક્ષ એ અપરાધ છે.

ટૂંકમાં, ચાડી ચુગલી, પીઠ પાછળ વાત કરવી, નિંદા કરવી, પીઠ પાછળ ઘા કરવો, મનઘડત વાતો કરવી એ બાબતો આપણે કરવી જોઈએ જ નહીં.

## પ્રતિભાવ

1) જો બાઇબલ ગપ્પાબાજી, પીઠ પાછળ વાત કરવી, નિંદા કરવી, પીઠ પાછળ ઘા કરવો, અને મનઘડત વાતો કરવી જેવા પાપો વિષે બહુ સ્પષ્ટ છે તો શા માટે વિશ્વાસીઓ હજુ પણ તેમાં વ્યસ્ત છે અને તેમાં ભાગીદાર થાય છે?

# 5
# ચાડી ચુગલીને તમે કેવી રીતે નિયંત્રિત કરો છો?

આપણને એવું લાગે કે આપણી આસપાસના લોકો આપણી વિરુદ્ધ ચાડી ચુગલી, નિંદા, પીઠ પાછળ વાતો કરે અને અફવા ફેલાવે છે તો આપણે શું કરી શકીએ? આપણે જો આવી બાબતોના શિકાર થઈએ છીએ તો આપણે શું કરવું જોઈએ? આપણાં માટે જે ખોટી માહિતી ફેલાવવામાં આવી છે જેને કારણે આપણી બદનામી થઈ છે, લાગણીઓને ઠેસ પહોંચી છે અને બીજી ઘણી અસરો થઈ છે એવું લાગે તો આપણે કેવો પ્રતિસાદ આપવો જોઈએ અને તે સ્થિતિને કેવી રીતે નિયંત્રિત કરવી જોઈએ?

## ચાડી ચુગલીની ઉપરવટ વધો

શરૂઆત કરતાં, આપણ દરેક જણે વ્યક્તિગત રીતે આપણી શિસ્તના ભાગરૂપે ખૂબ દ્રઢતાથી પસંદ કરવાનું છે કે અમે ચાડી ચુગલી નહીં કરીએ કે કોઈપણ રીતે તેમાં ભાગીદાર નહીં થઈએ. આપણે કોઈપણ સંજોગોમાં એ પ્રકારની વાતચીત કે પ્રવૃતિમાં સામેલ થઈને નિમ્ન કક્ષાના સ્તરે નહીં ઊતરીએ. આપણે ન ઇચ્છતા પણ જો આવા સ્થળે કે સ્થિતિમાં આવી જઈએ કે જ્યાં લોકો ચાડી ચુગલીમાં વ્યસ્ત છે તો આપણે તેમાં સામેલ નહીં થઈએ અને ભાગીદાર પણ નહીં બનીએ.

**ગીતશાસ્ત્ર 34:13**
**તો ભૂંડું [બોલવા]થી તારી જીભને, અને કપટથી તારા હોઠને સંભાળ.**

**ગીતશાસ્ત્ર 39:1**
**મેં કહ્યું, "હું મારા માર્ગોને સંભાળીશ કે, હું મારી જીભે પાપ ન કરું; દુષ્ટો મારી આગળ હોય ત્યાં સુધી હું મારૂ મુખ લગામથી કબજે રાખીશ."**

**ગીતશાસ્ત્ર 139:4**
**હે યહોવા, તમે મારી પરીક્ષા કરી છે, અને તમે મને ઓળખો છો.**

આપણે આપણી જાતને નિયંત્રણમાં રાખીશું અને ઈશ્વર સમક્ષ પાપ કરતાં આપણી જાતને રોકીશું. ભલે આપણે ડંફાસ મારતા હોઈએ પણ આપણે જાણીએ છીએ કે આપણે આપણી ચાડી ચુગલીને ઈશ્વરથી સંતાડી શકતા નથી!

જો કોઇની સામે તમે કઈં કહી શકતા નથી તો તેમની ગેરહાજરીમાં તેમની પીઠ પાછળ ન કહેશો. જે તમે કોઇની ગેરહાજરીમાં તેમના વિષે કહો છો, તે એ પ્રમાણે જ હોવું જોઈએ કે જે તમે તેમની હાજરીમાં કહેવા માંગો છો.

તમારા હ્રદયને પવિત્ર અને અપરાધરહીત રાખો કોઈના માટે પણ દ્વેષભાવના ન રાખો. હમેશા પ્રેમથી ચાલવાનો હેતુ રાખો. આ રીતે, તમે અન્ય લોકો માટે દુષ્ટ શબ્દો નહીં બોલો કે જેથી તેમનું અપમાન થાય, નુકશાન થાય કે તેમની પ્રતિષ્ઠા ખરડાય.

**માથ્થી 15:19**
**કેમ કે ભૂંડી કલ્પનાઓ, હત્યાઓ, વ્યભિચારો, જારકર્મો, ચોરીઓ, જૂઠી સાક્ષીઓ, તથા નિંદાઓ હ્રદયમાથી નીકળે છે.**

**રોમનોને પત્ર 13:9**
**કારણ કે “તારે વ્યભિચાર ન કરવો, ખૂન ન કરવું, ચોરી ન કરવી, લોભ ન રાખવો, “ઈત્યાદી જે આજ્ઞાઓ છે તેઓનો સાર આ વચનમાં સમાયેલો છે કે, “તારે જેવો પોતાના પર [પ્રેમ છે] તેવો પોતાના પડોશી પર પ્રેમ રાખવો.”**

બદલો ન વાળો. નિંદા ફેલાવવાથી નિંદા પર જીત મળી શકતી નથી.

## જો શક્ય હોય તો, પ્રેમથી સામનો કરો

જો શક્ય હોય તો, જે વ્યક્તિએ ખોટી માહિતી કે અફવા ફેલાવવાની શરૂઆત કરી છે કે લોકો ચાડી ચુગલીમાં વ્યસ્ત

છે તેમની સાથે વાતચીત કરો. ગપસપ કે અફવાને કારણે જે નુકશાન થયું છે તે સમજવા માટે તેમને પ્રેમથી મદદ કરો. ચાડી ચુગલીથી ઉપરવટ જવા માટે લોકોને ઉત્તેજન આપો અને નિંદામાં સામેલ થયા વિના જે વ્યક્તિ અંગે ખોટી માહિતી કે અફવા ફેલાવવામાં આવે છે તે અંગે સત્ય શું છે તે શોધી કાઢો.

## તેને નષ્ટ થવા દો

ચાડી ચુગલીને ઈંધણ ન આપશો. પણ, ચાડી ચુગલીને નષ્ટ થઈ જવા દો. આ સ્થિતિમાં જેટલું ઓછું કહેવામા આવે તે જ શ્રેષ્ઠ છે. જેટલા વધુ લોકો આમાં સામેલ થવાની ના પાડશે તેટલું વધુ ઝડપથી વાતનો અંત આવશે.

જો શક્ય હોય તો જે તે વ્યક્તિ કે સ્થિતિ અંગે હકારાત્મક વાતો કરીને ચાડી ચુગલીનો સામનો કરવાનું પસંદ કરો. મુદ્દાની સારી બાજુ જોવા માટે લોકોને મદદ કરો. ચાડી ચુગલી અને અફવા અર્ધસત્ય પર, અધૂરી માહિતી પર કે ખોટી માહિતી પર આધારિત હોય છે. જેથી મુદ્દાની સારી બાબત વિષે બોલવાથી, આપણે જે અર્ધસત્ય ફેલાવાય છે તેનો યોગ્ય રીતે મુકાબલો કરીએ છીએ.

## પ્રાર્થના કરો, માફી આપો અને મુક્ત કરો

જો તમે નિંદા કે ચાડી ચુગલીનો ભોગ બન્યા છો તો પ્રાર્થના કરો. ઈશ્વર તમારા બચાવમાં આવશે.

**ગીતશાસ્ત્ર 31:13-16**

**13 કેમ કે મેં ઘણાને મુખે [મારી] બદનક્ષી સાંભળી છે, ચારે તરફ ધાસ્તી છે; તેઓ ભેગા થઈને મારી વિરુદ્ધ મસલત કરે છે, અને મારો જીવ લેવાની યુક્તિ રચે છે.**

**14 પણ, હે યહોવા, મને તમારો વિશ્વાસ છે; મેં કહ્યું, "તમે મારા ઈશ્વર છો."**

**15 મારા સર્વ પ્રસંગો તમારા હાથમાં છે; મારા શત્રુઓના હાથમાથી તથા મને સતાવનારાઓથી મને છોડાવો.**

**16 તમારા સેવક પર તમારા મુખનો પ્રકાશ પાડો; તમારી કૃપાથી મને તારો.**

જ્યારે લોકો તમારી બદનક્ષી કરે અને તમારા માટે અફવાઓ ફેલાવે ત્યારે તમને દુ:ખ થાય. તે દૂ:ખજનક છે. પ્રાર્થનામાં ઇશ્વરની સમક્ષ તમારી વેદના અને લાગણીઓને રજૂ કરો. તે મુદ્દા વિષે ઈશ્વરની સાથે વાત કરો. તમારૂ હ્રદય અને લાગણીઓ ઈશ્વરની સમક્ષ ખાલી કરી દો.

જેઓ આવું કૃત્ય કરે છે તેમને માફી આપો. તેઓ જે કાઇ કરે છે તેની ઉપરવટ તેમને પ્રેમ કરવાનું પસંદ કરો. તેઓ જે કાઇ કરે છે તેની પાછળ વિશ્વાસઘાત, બદલો અને બીજા બદઈરાદાઓ હોય શકે. પરંતુ તમારે તો ઈશ્વરના પ્રેમ થકી માત્ર પ્રેમ જ કરવાનો છે. તમારે તો માફી આપીને તેમને મુક્ત જ કરવાના છે, અને તમારા રક્ષણ તથા છૂટકારા માટે ઈશ્વર તરફ મીટ માંડવાની છે. *"પણ હું તમ સાંભળનારાઓને કહું છું કે, તમારા વૈરીઓ પર પ્રેમ કરો, જેઓ તમારો દ્વેષ કરે છે તેઓનું ભલું કરો. જેઓ તમને શાપ આપે છે તેઓને આશીર્વાદ આપો, જેઓ તમારું અપમાન કરે છે તેઓને માટે પ્રાર્થના કરો"* (લૂક 6:27,28).

## આવો, આપણાં સમાજને નિંદામુક્ત ભાગ બનાવીએ

આવો આપણે એવા લોકોનો સમુદાય બનીએ જે ગપસપ, ચાડી ચુગલી, નિંદા, છેતરપિંડી, કપોળકલ્પિત વાતો વગેરે અંગે શૂન્ય સહિષ્ણુ હોય—આપણી મધ્યે આ વાતોનુ અસ્તિત્વ ન હોય! નિંદા અને ચાડી ચુગલી એ એવા પ્રકારનું ઘાસ છે જે ઈશ્વરના મંડળીરૂપી સુંદર બગીચાને બગાડી નાંખે છે. આવો, આપણે એવી સંસ્કૃતિનું નિર્માણ કરીએ અને એવી સ્વશિસ્ત વિકસીત કરીએ જે ઈશ્વરના મંડળીરૂપી બગીચાને બિનજરૂરી ઘાસથી મુક્ત રાખે.

## પ્રતિભાવ

1) એવી કોઈ ચોક્કસ પરિસ્થિતિ છે કે જેનો હાલમાં તમે સામનો કરી રહ્યાં છો, જ્યાં તમારે ચાડી ચુગલી, નિંદા, ગપસપ

જેવી બાબતોનો સામનો કરવાનો છે? આ પરિસ્થિતીમાથી બહાર નીકળવા એવી કઈ બાબતો છે જે તમે કરી શકો છો?

# 6
# પ્રાર્થના

## કબૂલાત અને પસ્તાવાની પ્રાર્થના

*સ્વર્ગીય પિતા, હું કબૂલ કરૂ છું કે મારી વાણી વિષે હું સભાન ન હતો. જાણે અજાણે મે કોઈ અન્યને માટે ચાડી ચુગલી કે નિંદા કરી છે અને તેમનો દ્વેષ કર્યો છે. લોકો વિષે ખોટી અફવા ફેલાવીને તેમની પ્રતિષ્ઠાને નુકશાન કરવાની દોષ ભાવના અનુભવું છું. હું મારા ખોટા કર્મોનો પસ્તાવો કરૂં છું અને વિનંતી કરૂં છું કે મને માફ કરો અને ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન રક્તથી મને શુદ્ધ કરો. નિંદાની આ જીવનશૈલીનો હું ત્યાગ કરૂં છું. મારી જીભ ઉપર તમારો એવો કાબૂ ગોઠવો કે જેથી હું ચાડી ચુગલી, નિંદા અને બીજાઓ વિરૂદ્ધ અસભ્ય શબ્દો ન બોલું. આવું કરવા બદલ આપનો આભાર. ઈસુના નામમાં. આમેન.*

## ભૂતકાળમાં જેઓ નિંદાથી અપમાનિત થયા છે તેઓ માટે પ્રાર્થના

*પ્રિય પિતા, હું મારૂ હ્રદય તમારી સમક્ષ ખાલી કરૂ છું કેમ કે હું જાણું કે તમે મને પ્રેમ કરો છો અને મારી કાળજી લો છો. તમે મારી આંતરિક લાગણીઓ અને વિચારોથી પરિચિત છો. તમે જાણો છો, પ્રભુ, કે મારા માટે (તે વ્યક્તિ કે સ્થિતિનું નામ બોલીને) તે વ્યક્તિએ નિંદા કે ચાડી ચુગલી કરી અને ખોટી અફવા ફેલાવી તેથી મને કેટલું દૂ:ખ અને વેદના થયાં છે. હું મારી વેદના અને હ્રદય તમારી સમક્ષ લાવું છું અને પ્રાર્થના કરૂં છે મારી પીડાને દૂર કરો. ઓ, પ્રભુ, મારી લાગણીઓ અને યાદદાસ્તને દૂરસ્ત કરો. પવિત્ર આત્માના સામર્થ્યથી અને જે પ્રેમ તે મને આપે છે તેની સહાયથી, જેણે મને અપમાનિત કર્યો છે તેને હું માફ કરૂં છું. ઈશ્વરનો પ્રેમ જે મારા હ્રદયમાં વહે છે, તેને હું તે વ્યક્તિ માટે વહેતો કરૂં છું. હું માંગુ છું કે તમે મારા*

*વતી દૈવી દખલ કરો અને ચાડી ચુગલી, નિંદા કે અફવા દ્વારા થનાર સંભવિત નુકશાનથી મારા જીવનને મુક્ત કરો. તમારી ભલાઈ અને સન્માનથી મારા જીવનને કૃપાન્વિત કરો. તમારા હાથથી મને ઊંચકી લો. તમે જ, ઓ પ્રભુ, મારૂ ગૌરવ અને મારૂ મસ્તક ઊંચું કરનાર છો. હે ઈશ્વર, હું તમારી તરફ નિહાળું છું અને મારી આંખો કેવળ તમારા ભણી જુએ છે. પિતા, મારા જીવનમાં કાર્ય કરવા બદલ આભાર. ઈસુના નામમાં. આમેન.*

## જેઓ હાલમાં ચાડી ચુગલી કે નિંદાની સ્થિતિનો સામનો કરી રહ્યાં છે તેઓ માટે પ્રાર્થના

*પ્રિય પિતા, હું મારૂ હ્રદય તમારી સમક્ષ ખાલી કરૂ છું કેમ કે હું જાણું કે તમે મને પ્રેમ કરો છો અને મારી કાળજી લો છો. તમે મારી આંતરિક લાગણીઓ અને વિચારોથી પરિચિત છો. તમે જાણો છો, પ્રભુ, કે મારા માટે* (તે વ્યક્તિ કે સ્થિતિનું નામ બોલીને) *તે વ્યક્તિએ નિંદા કે ચાડી ચુગલી કરી અને ખોટી અફવા ફેલાવી તેથી મને કેટલું દૃ:ખ અને વેદના થયાં છે. હું મારી વેદના અને હ્રદય તમારી સમક્ષ લાવું છું અને પ્રાર્થના કરૂં છે મારી પીડાને દૂર કરો. ઓ, પ્રભુ, મારી લાગણીઓ અને યાદદાસ્તને દૂરસ્ત કરો. પવિત્ર આત્માના સામર્થ્યથી અને જે પ્રેમ તે મને આપે છે તેની સહાયથી, જેણે મને અપમાનિત કર્યો છે તેને હું માફ કરૂં છું. ઈશ્વરનો પ્રેમ જે મારા હ્રદયમાં વહે છે, તેને હું તે વ્યક્તિ માટે વહેતો કરૂં છું. હું માંગુ છું કે તમે મારા વતી ઈશ્વરીય દખલ કરો અને ચાડી ચુગલી, નિંદા કે અફવા દ્વારા થનાર સંભવિત નુકશાનને અટકાવો, મને ઘેરી લો અને અને મારો પક્ષ લો. તમારો સન્માન મારા જીવનમાં મૂકો અને તમારા હાથથી મને ઊંચકી લો. હે ઈશ્વર, હું તમારી તરફ નિહાળું છું અને મારી આંખો કેવળ તમારા ભણી જુએ છે. પિતા, મારા જીવનમાં કાર્ય કરવા બદલ આભાર. ઈસુના નામમાં. આમેન.*

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્ભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."* **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ તો તું તારણ પામીશ."* **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Interpreting Scripture
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru, Karnataka - 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.* વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/give. ની મુલાકાત લેશો.

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

ચાડી ચુગલી, પીઠ પાછળ બોલવું, નિંદા, પીઠ પાછળ ઘાત કરવો એ એવી બાબતો છે કે તેનો નકારાત્મક પ્રભાવ જે તે વ્યક્તિ, સમુદાય, કાર્ય સ્થળ અને બીજા સામાજિક માળખા ઉપર કેવો પડે છે તે સમજ્યા વગર સામાન્ય લોકો તેમાં સામેલ થઈ જાય છે. નાની બાબત કે જેને ચાડી ચુગલી કહે છે તેના લીધે ઘણીવાર લોકો દૂ:ખી થાય છે, સમુદાયો વિખેરાય જાય છે, કાર્યસ્થળનું વાતાવરણ પ્રતિકુળ અને બિનઉત્પાદક બની જાય છે. ચાડી ચુગલી એક જંગલી ઘાસ સમાન છે જો તેને જલ્દીથી ના કાઢી નાખીએ તો તે સુંદર બગીચાનો નાશ કરી દે છે.

આ સામાન્ય પુસ્તક, આપણને ચાડી ચુગલી વિષે વચન શું ચેતવણી આપે છે, મદદ કરે છે કે કેવી રીતે આપણે એ જીવનશૈલીમાંથી બહાર નીકળી આવીએ અને પ્રાયોગિક રીતે ચાડી ચુગલીને નિયંત્રિત કરવામાટે પગલાં લેવા ચેતવે છે. અમે આશા રાખીએ છીએ કે આ પુસ્તક, કોઈક રીતે સંસ્થાઓને એક સ્વસ્થ કાર્યસ્થળનું વાતાવરણ ઊભું કરવા, શૈક્ષણિક સંસ્થાઓને તેમના વિધ્યાર્થીઓમાટે એક મિત્રતા અને સહકારથી ભરેલ સંબધો અને સમુદાયના લોકોને એક પ્રેમ અને એકબીજામાટે કાળજીની ભાવના ઉત્પન્ન કરવામાં મદદરૂપ બનશે.

ચાડી ચુગલીને બંધ થવા દો!


**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org